ક્રમાંક:- રોતાનિ/મકમ/વ-૧૨/ઉ.પ.ધો/૨૦૨૩/૧૩
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧ ત્રીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.૦૨/૦૧/૨૦૨૩

વંચાણે લીધો :- (૧) નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:-પગર/૧૧૯૪/૪૪/મ
(૨) નાણા વિભાગના તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:-પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ
(૩) નાણા વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:-પગર/૧૦૨૦૨૨/૧/મ

પરિપત્ર:-

સરકારી કર્મચારીઓ માટે બઢતીનો અભાવ/મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે ઉપરોકત વંચાણે લીધેલ નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ હેઠળ સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના દાખલ કરવામાં આવેલ હતી. ત્યારબાદ રાજય સરકારના વિવિધ મંડળો દ્વારા આ યોજનાને સ્થાને ૧૨ અને ૨૪ વર્ષેની ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના લાગુ પાડવા અંગે રજુઆત કરવામાં આવેલ હતી. આ રજુઆતોને ધ્યાને લઈને ઉચ્ચતર પગાર ધોરણની તત્કાલીન યોજનાની સમિક્ષા કરી તેને સ્થાને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની નવી યોજના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૨ના નાણા વિભાગના તા.૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવથી દાખલ કરવામાં આવેલ હતી.

રાજય સરકારના કર્મચારીઓને નાણા વિભાગના તા.૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવ અન્વયે લાગુ પડતી હાલની ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના સ્થાને ૧૦,૨૦ અને ૩૦ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેની યોજના વંચાણે લીધેલ ક્રમ-૩ના નાણા વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવથી યોજના દાખલ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૩ના ઠરાવનો પુરતો અભ્યાસ કરી અમલવારી કરવાની રહેશે જેથી પાત્રતા ધરાવતા અધિકારી/કર્મચારી બાકી ન રહે અને પાત્રતા ન ધરાવતા કોઈ કર્મચારીને લાભ પ્રાપ્ત ન થઈ જાય તેની કાળજી રાખવાની રહેશે જેવીકે,

(૧) વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દાનં-(૧) ના ક્રમ-૦૧ થી ૦૫ મુજબના જ કર્મચારીઓને આ યોજના લાગુ પડશે તે ખાસ ધ્યાને લેવાનું રહેશે.

(૨) પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટેના ધોરણો અને કાર્યરીતી એટલે કે, ક્રમ-૧ મુજબ પાત્રતા ધરાવતા કયા કર્મચારીને કયું ઉચ્ચતર પગાર ધોરણ કયારે મળે તે અંગેની તમામ શકયતાઓ વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દા નં-૨ ના ક્રમ-૧ થી ૩ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. તે ખાસ ધ્યાને લેવાનું રહેશે.

(૩) ઉ.પ.ધોરણ મેળવવા માટે તેમજ પાત્રતાની તારીખ નિયત કરવા માટે ખાતાકીય પરીક્ષા અને ખાનગી અહેવાલ અંગેની જોગવાઈઓ વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દાનં-૩ ના ક્રમ-૧ થી ૪ માં કરવામાં આવેલ છે. તે ધ્યાને લેવાની રહેશે.

(૪) ઉ.પ.ધોરણ ના સંબંધે ઈજાફાની ગણતરી માટે વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દાનં-૪ના ક્રમ-૧ અને ૨ ને ધ્યાને લેવાના રહેશે.

(૫) ઉ.પ.ધો માટે સેવાની ગણતરીના ખાસ કિસ્સા માટે વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દાનં-૫ ના ક્રમ-૧ થી ૩ માં સ્પષ્ટા કરવામાં આવેલ છે. તે ધ્યાને લેવાની રહેશે.

(૬) ઉ.પ.ધોરણ સબંધમાં વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દાનં-૭માં ફરજ મોકુફીના કિસ્સા માટે, મુદ્દાનં-૮માં એકાંકી સંવર્ગના કિસ્સા માટે, મુદ્દાનં-૯માં બઢતીના માળખામાં ફેરફારના કિસ્સા માટે, મુદ્દાનં-૧૦માં નવી સેવામાં ઉચ્ચતર પગાર ધોરણના કિસ્સા માટે, મુદ્દા નં-૧૧ માં વર્ગ-૪ ના ઉચ્ચતર પગાર ધોરણનાં કિસ્સા માટે, મુદ્દાનં-૧૨ માં બઢતીનો અસ્વીકાર કરેલ હોય તેવા કિસ્સા માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવેલ છે, તે લાગુ પડતા કિસ્સાઓ માટે ધ્યાને લેવાના રહેશે.

(૭) ઉચ્ચતર પગાર ધોરણ વખતે કરવાની થતી પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે તે જ રીતે ગુ.મુલ્કી સેવા(પગાર) નિયમો ૨૦૦૨ ના નિયમ-૧૧ (૧) અનુસાર કરવાની રહેશે. અને સંબંધિત કર્મચારી દ્વારા ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો ૨૦૦૨ ના નિયમ ૧૨ ની જોગવાઈ હેઠળ પગાર બાંધણી સંદર્ભે વિકલ્પ આપી શકશે, અને વિકલ્પની તારીખથી ઉ.પ.ધોરણની પગાર બાંધણી કરવાની રહેશે,પરંતુ ત્યારબાદનું ઉ.પ.ધોરણ વિકલ્પની તારીખથી ૧૦ વર્ષે ૧૦ ઈજાફા મેળવી પાત્રતાના ધોરણે મળવાપાત્ર થશે. આ અંગેની વિસ્તૃત જોગવાઈ વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દા નં.૧૩ના ક્રમ ૧ થી ૫ માં કરવામાં આવેલ છે, જેનો અમલ કરવાનો રહેશે.

(૮) આ યોજના હેઠળનું પગાર ધોરણ અને મળવાપાત્ર ઉ.પ.ધોરણ અંગે વંચાણે લીધેલ ક્રમ-૩ સામેના ઠરાવના મુદ્દા નં.૧૬ ના ક્રમ ૧ અને ક્રમ ૨ ના (ક) થી (ધ) માં જોગવાઈ કરેલ છે.તે લાગુ પડતા કિસ્સામાં ધ્યાને લેવાની રહેશે.

રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરીની નિયંત્રણ હેઠળની ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓ તેમજ ટેકનીકલ કર્મચારીઓની ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાની દરખાસ્તો નાયબ નિયામક(તાલીમ)પ્રાદેશીક કચેરીઓ મારફત અત્રેની કચેરીએ મોકલવામાં આવતી હોય છે.

આથી પ્રથમ,દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્રતા ધરાવતા વહીવટી તેમજ ટેકનિકલ કર્મચારીઓની દરખાસ્તો નિયમિત રીતે અને સમયાંતરે મોકલવામાં આવે અને સંબંધિત કર્મચારીઓને મળવાપાત્ર પ્રથમ,દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ઝડપથી મંજુર કરી શકાય તે હેતુથી નીચે દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

❖ **<u>સંસ્થા ખાતે કરવાની થતી કાર્યવાહી:-</u>**

(૧) સંસ્થાઓ ખાતે આચાર્ય વર્ગ-૨/ ઈ.ચા.આચાર્ય વર્ગ-૨ ની **અધ્યક્ષતામાં એક સમિતિ બનાવવાની** રહેશે.

(૨) આ સાથે સામેલ રાખેલ પ્રથમ/દ્વિતીય/તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ માટેના **પરિશિષ્ટ-૧ થી ૩** પૈકી લાગુ પડતા પરિશિષ્ટમાં સેવાપોથી આધારીત માહિતી **દર્શાવવાની રહેશે.**

(૩) સંબધિત કર્મચારી પાસેથી વંચાણે લીધેલ **ક્રમ-૩ સામેના ઠરાવની સાથે સામેલ નિયત નમુનાની** બાંહેધરી પત્રક-૧ થી ૨ મેળવી **સંસ્થાના** રેર્કડ ઉપર રાખવાની **રહેશે.**

(૪) **સમિતિએ** ઉપરોકત ક્રમ-૨ ના લાગુ પડતા પરિશિષ્ટની તમામ વિગતો **સેવાપોથી** સાથે **પુનઃચકાસી** લેવાની રહેશે, તેમજ ક્રમ ૩ ના બાહેંધરી પત્રક ૧ થી ૨ ને **પુનઃ** ચકાસી લેવાની **રહેશે, વધુમાં નાણા** **વિભાગના** તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવની લાગુ પડતી તમામ **જોગવાઈઓ સંતોષાતી હોવા અંગે** પ્રત્યેક કિસ્સામાં ચકાસી લેવાની રહેશે.

(૫) **સમિતિએ પ્રમાણપત્ર** આપવાનુ રહેશે કે સંસ્થામાં કુલ કેટલા **કર્મચારીઓ ફરજ બજાવે છે,તેમાંથી** કેટલા કર્મચારીઓ ઉ.પ.ધોરણ માટે પાત્રતા ધરાવે છે, અને કેટલા પાત્રતા ધરાવતા **નથી, તેમજ** **પૂરતી ચકાસણી** ના અંતે **જેઓ** પાત્રતા ધરાવતા હતા **તેઓની જ દરખાસ્તો પ્રાદેશીક કચેરીને** **મોકલવામાં આવેલ છે.**

(૬) **જે** કર્મચારીના કોઈ પણ ઉ.પ.ધોરણ મેળવવા માટે નિયત કરેલ **મુદત પૂર્ણ** કરેલ હોવા **છતાં પાત્રતા** ધરાવતા ન હોય તો તેના કારણોની વિગતો દરખાસ્ત સાથે સામેલ **કરવાની રહેશે.**

સંસ્થાએ ઉપરોકત છ મુદ્દાની કાર્યવાહી પૂર્ણ કરી જરૂરી આધાર-પુરાવા સાથેની દરખાસ્ત પ્રાદેશીક કચેરીને મોકલી આપવાની રહેશે.

❖ **<u>પ્રાદેશિક કચેરીએ કરવાની થતી કાર્યવાહી :-</u>**

(૧) **પ્રાદેશિક** કચેરી ખાતે નાયબ નિયામક(તાલીમ) ની અધ્યક્ષતામાં **એક સમિતિ** બનાવવાની રહેશે.

(૨) **સમિતિએ** તાબા હેઠળની **ઔદ્યોગિક** તાલીમ સંસ્થા/કચેરીઓ તરફથી મળેલ દરખાસ્તોનું અસલ **સેવાપોથી** સાથે કાળજીપૂર્વક ચકાસણી કરી લેવાની રહેશે.

(૩) **સમિતિએ** નાણા વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવની લાગુ પડતી તમામ જોગવાઈઓ સંતોષાતી હોય તેવી દરખાસ્તોનું આખરીકરણ કરી તાબાની **સંસ્થાઓ/કચેરીઓની આવી સંકલીત** **દરખાસ્તો** જરૂરી બિડાણો સહિત આ કચેરીને મોકલી આપવાની રહેશે.

(૪) **પ્રાદેશિક** કચેરીના વડાએ એ બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે કે **તેઓની તાબાની સંસ્થા** માં કુલ કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે, તેમાંથી કેટલા કર્મચારીઓ ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્રતા ધરાવે છે. અને કેટલા પાત્રતા ધરાવતા નથી. પાત્રતા ધરાવતા **નથી** તો ક્યા કારણોસર પાત્રતા **ધરાવતા નથી** એ મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

સંસ્થા/પ્રાદેશિક કચેરીની સમિતિઓએ એ બાબતનુ ખાસ ધ્યાન રાખવાનુ રહેશે કે, ઉ.પ.ધોરણ મંજુર કરતી વખતે ઉચ્ચતર પગાર ધોરણ અંગેની જોગવાઈ/શરતોનુ પાલન ન થવાના કારણે જો ખોટું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવશે અને તેને કારણે જો વધુ ચુકવણુ થશે તો વધુ ચુકવણાની વસુલાત કરવા સહિતની સંપૂર્ણ જવાબદારી ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત રજુ કરનાર સંસ્થા/ કચેરીની રહેશે.

નોંધ :- <u>પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે ઉકત સુચનાઓ પરત્વે આખરી અર્થઘટન માટે નાણા વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:-પગર/૧૦૨૦૨૨/૧/મ ને ધ્યાને લેવાનો રહેશે.</u>

બિડાણ:- ઉપર મુજબ

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

પ્રતિ

(૧) ખાતાની તાલીમ પાંખ હેઠળની તમામ ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ..

(૨) નાયબ નિયામક(તાલીમ), પ્રાદેશિક કચેરી,અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ..

<u>નકલ રવાના</u> :-

આ કચેરીની મહેકમ શાખાના ટેબલનં-વ-૭, વ-૯, વ-૧૩ તરફ જાણ સારુ.

| પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે જરૂરી વિગતોનું પરિશિષ્ટ-૧ | | | |
|---|---|---|---|
| 1 | કર્મચારીનું નામ | | |
| 2 | જન્મ તારીખ | | |
| 3 | સંસ્થાનું નામ | | |
| 4 | મુળ નિમણુંકનો હોદો અને મુળ નિમણુંક ની તારીખ | હોદ્દો : | મુળ નિમણુંક તારીખ: |
| 5 | કરારીય સમયગાળા દરમ્યાન ભોગવેલ બિનપગારી રજાના કુલ દિવસ ( મંજુરી આદેશ સામેલ રાખવો) | તા.....................થી તા...................... | કુલ-દિવસ |
| 6 | નિયમિત પગાર ધોરણમાં સમાવ્યા તારીખ | | |
| 7 | હાલનો હોદો,હાલનું પગાર ધોરણ | હોદ્દો : | પગાર ધોરણ :<br>લેવલ: |
| 8 | સીનીયોરીટી ક્રમ | | |
| 9 | પ્રથમ ઉ.પ.ધો મંજુર કરવા માટે એક જ સંવર્ગ અને પગાર ધોરણમાં મુળ નિમણુંક તારીખ થી ૧૦ વર્ષ પુર્ણ થયાની વિગત ( ૧૦ ઈજાફા છુટેલા હોવા જોઈએ) | સંવર્ગ : | ૧૦ વર્ષ પૂર્ણ થયા તારીખ: |
| 10 | નિયમિત નિમણુંક થયા પછીથી બિનપગારી રજા ભોગવેલ હોય તો તેનો સમય ગાળો અને કુલ દિવસ. (રજા મંજુરીનો આદેશ સામેલ રાખવો) / બિનપગારી રજા ન ભોગવેલ હોય તો તે અંગેનું પ્રમાણપત્ર | તા.....................થી તા......................<br>તા........................થી તા.....................<br>તા.....................થી તા..................... | કુલ- દિવસ |
| 11 | બિન પગારી રજા ભોગવેલ હોય તો તે સમય ગાળો(ક્રમ 5+10 ) ના દિવસો ઉમેરતા પાત્રતાની તારીખ અથવા ઠરાવની તારીખ બંને માંથી જે મોડુ હોય તે તેની વિગત | પાત્રતા તારીખ:<br>ઠરાવની તારીખ : 19-10-2022 | બંને માંથી જે મોડુ હોય તે તારીખ : |
| 12 | અગાઉ બઢતી મળેલ હોય તો તે તમામ સંવર્ગ વાઇઝ બઢતીની તારીખ | સંવર્ગ : | તારીખ : |
| | | 1 | 1 |
| | | 2 | 2 |
| 13 | બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો તેની વિગત | | |
| 14 | લાગુ પડતી ગુજરાતી/હીન્દી પરીક્ષા પાસ કરેલ છે કે કેમ ? (બંનેની માર્કશીટ તથા મુક્તિના આદેશની નકલ સામેલ રાખવી ) | ગુજરાતી પાસ કર્યા તારીખ : | હિન્દી પાસ કર્યા તારીખ: |
| 15 | લાગુ પડતી બઢતી/ઉ.પ.ધો માટે ખાતાકીય પરીક્ષા પાસ કર્યા અંગેની તારીખ તથા વિગત (પરિણામની નકલ બીડવી) | | |
| 16 | કોમ્પ્યુટર કૌશલ્યની કઇ પરીક્ષા પાસ કરવાની રહે છે ? | સીસીસી પાસ કર્યા તા: | સીસીસી+ પાસ કર્યા તા: |
| 17 | લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા અંગે મુકિત મળવાપાત્ર થતી હોય તો તે તારીખ (આદેશ/સેવાપોથીમાં નોંધ કર્યાની નકલ સામેલ રાખવી) | | |
| 18 | મળવાપાત્ર પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ | પગાર ધોરણ : | લેવલ : |
| 19 | ક્રમ-૯ થી ૧૭ ની વિગતો ધ્યાને લેતા પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની ખરેખર પાત્રતાની તારીખ | | |
| 20 | શિસ્ત વિષયક કાર્યવાહી ચાલુ, સૂચિત કે પડતર છે? ( અગાઉ શિક્ષા થયેલ હોય તો તેના આદેશની/ અમલીકરણની વિગતો આધાર સહીત સામેલ કરવી ) | | |
| 21 | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણની તારીખ પહેલાના છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન વિરુધ્ધ નોંધ બાબતે કાર્યવાહી, ચાલુ,સુચિત કે પડતર છે કે કેમ તેની વિગત ( આધાર પુરાવા સહિત) | | |
| 22 | **ક્રમ-૧૯માં દર્શાવેલ પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખ પહેલાના છેલ્લા ૦૫ વર્ષના ખાનગી અહેવાલની વિગતો** | | |
| 1 | પ્રથમ વર્ષ | | |
| 2 | બીજુ વર્ષ | | |
| 3 | ત્રીજુ વર્ષ | | |
| 4 | ચોથુ વર્ષ | | |
| 5 | પાંચમું વર્ષ | | |

**આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ઉપરોકત વિગતો સંબંધીત કર્મચારીની સેવાપોથી ઉપરથી ચકાસણી કરી દર્શાવવામાં આવેલ છે. જે સંપૂર્ણપણે સાચી છે.**

નાયબ નિયામક (તાલીમ)
પ્રાદેશિક કચેરી................

## દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે જરૂરી વિગતોનું પરિશિષ્ટ-૨

| | | | | |
|---|---|---|---|---|
| 1 | કર્મચારીનું નામ | | | |
| 2 | જન્મ તારીખ | | | |
| 3 | સંસ્થાનું નામ | | | |
| 4 | મુળ નિમણુંકનો હોદો અને મુળ નિમણુંક ની તારીખ | હોદ્દો : | મુળ નિમણુંક તારીખ: | |
| 5 | હાલનો હોદ્દો, હાલનું પગાર ધોરણ | હાલનો હોદ્દો: | પગાર ધોરણ : | |
| | | | લેવલ : | |
| 6 | સીનીયોરીટી ક્રમ | | | |
| 7 | અગાઉ કયાં સંવર્ગનું પગાર ધોરણ પ્રથમ ઉ.પ.ધો તરીકે મંજુર થયેલ છે. અને અગાઉ કઈ તારીખથી પ્રથમ ઉ.પ.ધો મંજુર થયેલ છે.(આદેશ ક્રમાંક સાથે વિગત લખવી) સેવાપોથીમાં પ્રથમ ઉ.પ.ધો મંજુર કર્યાની નોધ તથા પગાર ચકાસણી એકમ દ્વારા મંજુર કર્યાની નોંધની નકલ બીડાવી. | સંવર્ગ: | પગાર ધોરણ : | |
| | | | લેવલ : | |
| | | | તારીખ : | |
| | | આદેશ ક્રમાંક: | | |
| 8 | નોકરીમાં ૨૦ વર્ષ પૂર્ણ થયા તારીખ | સંવર્ગ : | તારીખ: | |
| 9 | પ્રથમ ઉ.પ.ધો ૧૨ વર્ષે મંજુર થયેલ હોય તો ત્યારબાદ ૦૮ વર્ષ ની સેવા એક જ સંવર્ગમાં પૂર્ણ કરેલ હોય તે તારીખ તેમજ જો બિનપગારી રજા ભોગવેલ હોય તો તે સમયગાળો ઉમેરતા મળતી તારીખ અથવા ઠરાવની તારીખ જે મોંડુ હોય તે વિગત ( ૮ ઈજાફા છટેલા હોવા જોઈએ) | (i) પ્રથમ ઉ.પ.ધોની તારીખ : | | |
| | | (ii) ભોગવેલ બિનપગારી રજાના કુલ દિવસો : | | |
| | | (iii) જો (i) માં (ii) ઉમેરતા મળતી તારીખ : | | |
| | | (iv)કોલમ (iii) ની તારીખ અથવા ઠરાવની તારીખ પૈકી જે મોડુ હોય તે તા: | | |
| 10 | પ્રથમ ઉ.પ.ધો ૧૦ વર્ષે મંજુર થયેલ હોય તો ત્યારબાદ ૧૦ વર્ષ ની સેવા એક જ સંવર્ગમાં પૂર્ણ કરેલ હોય તે તારીખ તેમજ જો બિનપગારી રજા ભોગવેલ હોય તો તે સમયગાળો ઉમેરતા મળતી પાત્રતાની તારીખ (૧૦ ઈજાફા છુટેલા હોવા જોઈએ) | (i) પ્રથમ ઉ.પ.ધોની તારીખ : | | |
| | | (ii) ભોગવેલ બિન પગારી રજાના કુલ દિવસો : | | |
| | | (iii) જો (i) માં (ii) ઉમેરતા મળતી દ્વિતિય ઉ.પ.ધો ની તારીખ : | | |
| 11 | અગાઉ બે બઢતી અને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે કે કેમ? હા/ના અગાઉ બઢતી મળેલ હોય તો તે તમામ સંવર્ગ વાઇઝ બઢતીની તારીખ | ☐ હા/ના | સંવર્ગ | તારીખ |
| | | | 1 | 1 |
| | | | 2 | 2 |
| 12 | બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો તેની વિગત | | | |
| 13 | લાગુ પડતી બઢતી/ઉ.પ.ધો માટે ખાતાકીય પરીક્ષા પાસ કર્યા ની તારીખ અને મેળવેલ ગુણની વિગત (પરીણામની નકલ તથા સેવાપોથીમાં નોંધ કર્યાની નકલ બીડવી.) | ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તા. | મેળવેલ ગુણ | કુલ ગુણ |
| | | આદેશ ક્રમાંક: | તા. | |
| 14 | કોમ્પ્યુટર કૌશલ્યની કઇ પરીક્ષા પાસ કરવાની રહે છે ? પરિણામની નકલ તથા સેવાપોથીમાં નોંધ કર્યા અંગેની નકલ બીડવી | સીસીસી પાસ કર્યા તા. | સીસીસી + પાસ કર્યા તા. | |
| 15 | લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવા અંગે મુકિત મળવાપાત્ર થતી હોય તો તે તારીખ (આદેશની નકલ સામેલ રાખવી) | | | |
| 16 | મળવાપાત્ર દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ | પગાર ધોરણ : | લેવલ : | |
| 17 | ક્રમ-09 થી 15 ની વિગતો ધ્યાને લેતા દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ ની ખરેખર પાત્રતાની તારીખ | | | |
| 18 | શિસ્ત વિષયક કાર્યાવહી ચાલુ, સૂચિત કે પડતર છે? ( અગાઉ શિક્ષા થયેલ હોય તો તેના આદેશની/ અમલીકરણની વિગતો આધાર સહીત સામેલ કરવી ) નિયત પ્રમાણપત્ર બીડવું. | | | |
| 19 | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણની તારીખ પહેલાના છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન વિરુધ્ધ નોંધ બાબતે કાર્યવાહી, ચાલુ,સુચિત કે પડતર છે કે કેમ તેની વિગત | | | |
| 20 | ક્રમ-17માં દર્શાવેલ દ્વિતિય ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખ પહેલાના છેલ્લા ૦૫ વર્ષના ખાનગી અહેવાલની વિગતો | | | |
| 1 | પ્રથમ | | | |
| 2 | બીજુ | | | |
| 3 | ત્રીજુ | | | |
| 4 | ચોથુ | | | |
| 5 | પાંચમું | | | |

**આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ઉપરોકત વિગતો સંબંધીત કર્મચારીની સેવાપોથી ઉપરથી ચકાસણી કરી દર્શાવવામાં આવેલ છે. જે સંપૂર્ણ સાચી છે.**

નાયબ નિયામક( તાલીમ)
પ્રાદેશિક કચેરી..............

| | | | | |
|---|---|---|---|---|
| | **તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે જરૂરી વિગતોનું પરિશિષ્ટ-૩** | | | |
| 1 | કર્મચારીનું નામ | | | |
| 2 | જન્મ તારીખ | | | |
| 3 | સંસ્થાનું નામ | | | |
| 4 | મુળ નિમણુંકનો હોદો અને મુળ નિમણુંક ની તારીખ | હોદ્દો : | મુળ નિમણૂંક તારીખ: | |
| 5 | હાલનો હોદો, હાલનું પગાર ધોરણ | હોદ્દો: | પગાર ધોરણ :<br>લેવલ: | |
| 6 | સીનીયોરીટી ક્રમ | | | |
| 7 | અગાઉ કઈ જગ્યા/પગાર ધોરણ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજુર થયેલ છે.અગાઉ કઈ તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ છે.(આદેશ ક્રમાંક સાથે વિગત લખવી) | સંવર્ગ:<br>આદેશ ક્રમાંક: | પગાર ધોરણ :<br>લેવલ :<br>તારીખ : | |
| 8 | અગાઉ કઈ જગ્યાનું દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ છે.અગાઉ કઈ તારીખથી દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ છે.(આદેશ ક્રમાંક સાથે વિગત લખવી)સેવાપોથીમાં દ્વિતીય ઉ.પ.ધોરણ મંજુર કર્યાની નોધ તથા પગાર ચકાસણી એકમ દ્વારા મંજુર કર્યાની નોંધની નકલ બીડવી. | સંવર્ગ:<br>આદેશ ક્રમાંક: | પગાર ધોરણ :<br>લેવલ :<br>તારીખ : | |
| 9 | નોકરીમાં ૩૦ વર્ષ પૂર્ણ થયા તારીખ | સંવર્ગ : | તારીખ : | |
| 9-અ | દ્વિતીય ઉ.પ.ધો. ૨૪ વર્ષે મંજુર થયેલ હોય તો ૬ વર્ષ ઉમેરતા ૩૦ વર્ષે પાત્રતાની તારીખ ( ૬ ઈજાફા છુટેલા હોવા જોઈએ) | ઠરાવની તા.૧૯-૧૦-૨૦૨૨ | પાત્રતાની તારીખ :<br>( બે માંથી જે મોડું હોય તે ધ્યાને લેવી.) | |
| 9-બ | દ્વિતીય ઉ.પ.ધો. ૨૦ વર્ષે મંજુર થયેલ હોઈ તો ૧૦ વર્ષ ઉમેરતા ૩૦ વર્ષે પાત્રતાની તારીખ ( ૧૦ ઈજાફા છુટેલા હોવા જોઈએ) | પાત્રતાની તારીખ | ......... | |
| 10 | દ્વિતીય ઉ.પ.ધો. મંજુર થયા તારીખથી લાગુ પડતી ૯-અ અથવા લાગુ પડતી ૯-બ ની પાત્રતા તારીખ સુધીમાં ભોગવેલ બિનપગારી રજાની વિગત /ન ભોગવેલ હોઈ તો તે અંગેનું પ્રમાણપત્ર બીડવું. **(રજા મંજુરીનો આદેશ સામેલ રાખવો)** | તા............... થી તા.....................<br>તા.................થી તા....................<br>રજા મંજુરી આદેશ ક્રમાંક: | કુલ દિવસ :<br>તારીખ : | |
| 11 | બિન પગારી રજા ભોગવેલ હોય તો તે સમય ગાળાના દિવસો ઉમેરતા આવતી પાત્રતાની તારીખ | પાત્રતાની તારીખ : | | |
| 12 | અગાઉ કર્મચારીને બે કરતા વધુ બઢતી અને ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે કે કેમ? હા/ના અગાઉ બઢતી મળેલ હોય તો તે તમામ સંવર્ગ વાઇઝ બઢતીની તારીખ | ⍰ હા/ના | સંવર્ગ<br>1<br>2 | તારીખ<br>1<br>2 |
| 13 | બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો તેની વિગત | | | |
| 14 | લાગુ પડતી બઢતી/ઉ.પ.ધો માટે ખાતાકીય પરીક્ષા પાસ કર્યા અંગેની વિગત | | | |
| 15 | કોમ્પ્યુટર કૌશલ્યની કઇ પરીક્ષા પાસ કરવાની રહે છે ? (પરિણામની નકલ તથા સેવાપોથીમાં નોંધ કર્યા અંગેની નકલ બીડવી.) | સીસીસી પાસ કર્યા તા. | સીસીસી+ પાસ કર્યા તા. | |
| 16 | લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા અંગે મુકિત મળવાપાત્ર થતી હોય તો તે તારીખ ( આદેશ નકલ સામેલ રાખવી) | | | |
| 17 | મળવાપાત્ર તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ | પગાર ધોરણ : | લેવલ : | |
| 18 | ક્રમ-૧૧ થી ૧૭ ની વિગતો ધ્યાને લેતા તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ ની ખરેખર પાત્રતાની તારીખ | ખરેખર પાત્રતા તારીખ : | | |
| 19 | ( અગાઉ શિક્ષા થયેલ હોય તો તેના આદેશની/ અમલીકરણની વિગતો આધાર સહીત સામેલ કરવી ) નિયત પ્રમાણપત્ર બીડવું. | | | |
| 20 | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણની તારીખ પહેલાના છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન વિરુધ્ધ નોંધ બાબતે કાર્યવાહી, ચાલુ,સુચિત કે પડતર છે કે કેમ તેની વિગત (આધાર પુરાવા સહિત) | | | |
| 21 | ક્રમ-20માં દર્શાવેલ તૃતીય ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખ પહેલાના છેલ્લા ૦૫ વર્ષના ખાનગી અહેવાલની વિગતો | | | |
| 1 | પ્રથમ | | | |
| 2 | બીજું | | | |
| 3 | ત્રીજુ | | | |
| 4 | ચોથુ | | | |
| 5 | પાંચમું | | | |

**આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ઉપરોકત વિગતો સંબંધીત કર્મચારીની સેવાપોથી ઉપરથી ચકાસણી કરી દર્શાવવામાં આવેલ છે.જે સંપૂર્ણ સાચી છે.**

નાયબ નિયામક (તાલીમ)
પ્રાદેશિક કચેરી...............